---

**શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ ''સી'' ગુ.ર.નં: ૧૧૧૯૧૦૪૧૨૫૦૩૧૨ /૨૦૨૫, પ્રોહી કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામે આરોપી નં:(૧) મયુરભાઈ સ/ઓ ભુપેન્દ્રભાઈ સોમાભાઈ સથવારા, (૨) આકાશ સ/ઓ ભરતભાઈ કાંતીભાઈ વાઘેલા તથા (૩) વિશાલ સ/ઓ ગોપાલભાઈ પુંજાજી ઠાકોર નાઓની જામીન અરજી લગત હુકમ.**

---

(૧) જામીન અરજી વંચાણે લીધી. આરોપીઓના વકીલશ્રીને સાંભળ્યા. આરોપીઓના વિ.વકીલશ્રીએ તેમની દલીલમાં રજુઆત કરેલ છે કે, આરોપીઓ તદ્દન નિર્દોષ અને બેગુન્હા છે, ખોટી રીતે સંડોવી દીધેલ છે, શહેર અમદાવાદમાં કુટુંબ સાથે રહીએ છીએ, નાસી ભાગી જઈએ તેવા નથી, દર મુદ્દતે કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપે છે, કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા, જામીન આપવા તૈયાર છે, આરોપીઓ નિર્દોષ ગરીબ બાઈ માણસો છે ખોટી રીતે અટક કરેલ છે તેમજ હાલના આરોપીઓ પાસેથી દારૂ કબ્જે લીધેલ નથી અને આરોપીઓ પુરતો સમય કસ્ટડીમાં રાખેલ હોય શરતોને આધિન આરોપીઓને જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૨) વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તેમજ વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં સદર આરોપીઓ પાસેથી વગર પાસેથી વગર પરમીટે ભારતીય બનાવટની વિદેશીદારૂ ૧૨૦ લીટર ૯૬૦ મી.લી. જેની કુલ કિં. રૂા.૭૩,૯૨૦/– ની મત્તાનો વિદેશીદારૂ મળી આવેલ હોઈ સદર મુદ્દામાલનો જથ્થો ધ્યાને લેતા સદર આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) સદર કામે ઉભયપક્ષકારોની દલીલો સાંભળી રેકર્ડ વંચાણે લીધુ તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. ગુજરાત સરકારશ્રી ધ્વારા ઓર્ડીનન્સ નં:૭/૧૬ ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ ૨૦૧૬ કરવામાં આવેલ છે. સદર ઓર્ડીનન્સ

તા:૧૯/૧૨/૧૬ થી ત્વરીત અસરથી અમલમાં આવેલ છે અને તે મુજબ પ્રોહી.એકટના કાયદાની કેટલીક સજાની જોગવાઈમાં સુધારો કરવામાં આવેલ હતો જે અન્વયે કાયદામાં પણ સુધારો પસાર કરી દેવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત નશાબંધી (સુધારા) પ્રોહી.એકટની કલમ–૬૫(ઈ) ની સજાની જોગવાઈ ૧૦ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખ સુધીનો દંડ તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આરોપીઓ સામે આક્ષેપાયેલ ઉપરોકત ગુનાનો પ્રકાર, પ્રમાણ તથા સંભવિત સજાની જોગવાઈ તેમજ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે લક્ષમાં લેવા પડતાં જરૂરી તમામ પાસાઓ ઘ્યાને લીધા. સદર કામે આરોપીઓ પાસેથી વગર પાસેથી વગર પરમીટે તેમના સભાન કબજામાંથી રેડ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશીદારૂ ૧૨૦ લીટર ૯૬૦ મી.લી. જેની કુલ કિં. રૂા.૭૩,૯૨૦/– ની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો મળી આવેલ છે જેથી સદર કામે મળી આવેલ દારૂનો જથ્થો આરોપીઓના સભાન કબજામાંથી મળી આવેલ હોય તે ઘ્યાને લેતા તેમજ કાયદાકીય જોગવાઈ વંચાણે લેતા અને હાલના તબકકે સદર ગુનાની તપાસ ચાલુ હોઈ સદર આરોપીઓને જામીન પર મુકત કરવો ન્યાયોચીત જણાતુ ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

– સદર આરોપીઓની સદર જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૦૪/૦૪/૨૦૨૫.
અમદાવાદ શહેર.

**(પરેશ ભોગીલાલ નાયક)**
ત્રીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં:૦૩, અમદાવાદ શહેર.